16.02.2023 પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

" મીઠાં બાળકો - આ સમયે બધાનું સુખ સંપત્તિ નું દેવાળું રાવણ પાંચ વિકારોએ કાઢ્યું છે , તમે હમણાં રાવણ રુપી દુશ્મન પર જીત મેળવીને જગતજીત બનો છો"

પ્રશ્ન :- ડ્રામા નાં કયા રહસ્યને જાણવાનાં કારણે આપ બાળકોનાં ખ્યાલાત બહુજ ઊંચા રહે છે?

ઉત્તર :- તમે જાણો છો ડ્રામા અનુસાર ઓટોમેટીક (આપમેળે) પ્રભાવ નીકળતો જશે. પછી ભક્તોની ભીડ લાગશે એ સમયે સર્વિસ (સેવા) નહીં થઈ શકે. ૨ ) જે બાબાનાં બાળકો બીજા ધર્મમાં કન્વર્ટ (પરિવર્તન) થઈ ગયાં છે તે નીકળી આવશે તેથી તમારા ખ્યાલાત બહુજ ઊંચા રહે છે કે ક્યાંક થી કોઈ નીકળે જે બાળક બની બેહદ બાપ પાસે થી પોતાનો વારસો લે. તમને આ ખ્યાલ નથી રહેતો કે કોઈ નીકળે જે પૈસા આપે. પરંતુ શિવબાબા ભણાવે છે આ નિશ્ચય બેસે અને બાબા પાસે થી વારસો લેવા માટે ભાગે.

ગીત :- લે લો દુઆએં મા બાપ કી.....

ઓમ્ શાંતિ ! સેવા ને સર્વિસ પણ કહે છે. પહેલાં માતા-પિતા સેવા કરે છે. હમણાં જુઓ પ્રેક્ટિકલ (હકીકત) માં કરી રહ્યાં છે ને. હમણાં થી જ બધાં કાયદા કાનૂન પરમપિતા પરમાત્મા આવીને સ્થાપન કરે છે. આપ બાળકો આવો છો, મમ્મા, બાબા કહો છો તો મમ્મા બાબા પણ તમારી સેવા કરે છે. હદ નાં મા બાપ પણ બાળકોની સેવા કરે છે. મા, બાપ, ગુરુ, તે બધાં છે લૌકિક, આ છે પારલૌકિક. લૌકિક ને તો બધાં જાણે છે, બરાબર બાપ જન્મ આપે છે. શિક્ષક ભણાવે છે અર્થાત્ શિક્ષા આપે છે. પછી વાનપ્રસ્થ અવસ્થામાં ગુરુ કરવામા આવે છે. આ રીત-રિવાજ ક્યારથી શરુ થયાં? હમણાંથી જ આ આરંભ થાય છે. આ સમયે જ સદ્દગુરુ આવે છે, સમજાવે છે હું તમારો બાપ પણ છું, શિક્ષક પણ છું, સદ્દગુરુ પણ છું. બાપ નાં તો બાળકો બન્યાં છો. શિક્ષક રુપ માં એમની પાસે થી શિક્ષા મેળવી રહ્યાં છો. અંતમાં સદ્દગુરુ બની તમને સચખંડ માં લઈ જશે. ત્રણેય કામ પ્રેક્ટિકલ માં કરે છે. આપ બાળકો માતા-પિતા કહો છો તો બાપ પણ સ્વીકાર કરે છે. આ તો જાણે છે બધાં બાળકો એક સમાન સપૂત નથી હોઈ શકતાં. અહીં પણ બેહદ નાં બાપ કહે છે-બધાં બાળકો સપૂત નથી. આ તો તમે પણ જાણો છો. હમણાં છે રાવણ રાજ્ય. આ કોઈ વિદ્વાન, પંડિત વગેરે નથી જાણતાં. જ્યારે કોઈ આવે છે તો પહેલાં તો એમને પૂછવાનું છે તમે શું ઈચ્છો છો? પછી કોઈ શાંતિ ઈચ્છે છે એટલે ગુરુ શોધે છે. સતયુગ માં તો કોઈ ગુરુ વગેરે નથી શોધતા કારણ કે ત્યાં દુઃખી નથી. ત્યાં કોઈ અપ્રાપ્ત વસ્તુ નથી. અહીં તો કોઈને કોઈ વસ્તુની લાલસા (લાલચ) રાખી ગુરુની પાસે જાય છે. કોઈનું સાંભળશે કે એમની મનોકામના પૂરી થઈ તો પોતે પણ એમની પાછળ જશે. સંન્યાસી પવિત્ર બને છે તો એમની મહિમા તો વધવાની જ છે. ઘણાં શિષ્ય બની જાય છે. વિવેક પણ કહે છે કે જે પવિત્ર બને છે, એમની મહિમા જરુર બાપે કરાવવાની છે. તમે પવિત્ર બનો છો તો તમારી કેટલી મહિમા થાય છે. તમારા દ્વારા મનુષ્યો નું ૨૧ જન્મો માટે કલ્યાણ થઈ જાય છે. સર્વ મનોકામનાઓ ૨૧ જન્મો માટે પૂરી થઈ જાય છે. આ પણ તમે જાણો છો, દુનિયામાં આ પણ કોઈ નથી જાણતું કે પરમાત્મા ક્યારે આવે છે, જગત અંબા કોણ છે, જેનાં દ્વારા અમારી બધી મનોકામનાઓ પૂરી થઈ જાય છે. હમણાં બધા ઘોર અંધારા માં છે. યથા રાજા રાણી તથા પ્રજા..... પહેલાં ઓછું અંધારું હોય છે પછી કળિયુગ માં ઘોર અંધારું થાય છે. માયાનાં રાજ્ય ને ઘોર અંધારું કહેવાય છે. બાપ કહે છે ભારત નો મોટાં માં મોટો દુશ્મન પણ માયા રુપી ૫ વિકાર છે. તમે જાણો છો આ માયા રાવણે સીતાઓ નું હરણ કર્યું અર્થાત્ પોતાની જંજીરો (માયાજાળ) માં કેદ કર્યા. બાપ આવે છે આ મોટાં માં મોટાં દુશ્મન થી લિબ્રેટ (મુક્ત) કરવાં. આ પણ કોઈને ખબર નથી કે ભારત જે આટલું માલામાલ હતું, એને આટલું કંગાળ કોણે બનાવ્યું? આ જ રાવણ મોટો દુશ્મન છે. એની પ્રવેશતા નાં કારણે ભારતનો આ હાલ થઈ ગયો છે. કહેવાય છે ને તમારામાં ક્રોધનું ભૂત છે. પરંતુ મનુષ્ય સમજતાં નથી કે ૫ વિકારો ને ભૂત કહેવાય છે. આ ભૂત અર્થાત્ રાવણ જ સૌથી મોટો દુશ્મન છે. એવું નથી કે મુસલમાનો તથા ક્રિશ્ચને ભારતને કંગાળ બનાવ્યું. નહીં, બધાની સુખ સંપત્તિ નું દેવાળું આ રાવણે કાઢ્યું છે. આ વાત કોઈ નથી જાણતું. હમણાં સંન્યાસ ધર્મ ને ૧૫૦૦ વર્ષ થયાં છે. એમની સંખ્યાની બહુજ વૃધ્ધિ થઈ છે. વૃધ્ધિ ને થતાં-થતાં હવે આવીને જડજડીભૂત

અવસ્થા ને પહોંચ્યા છે. તમારું તો હમણાં સતોપ્રધાન નવું ઝાડ છે.

તમે હમણાં રાવણ ની સાથે યુધ્ધ કરી રહ્યાં છો. ગીતામાં રાવણનું નામ નથી. એમણે પછી હિંસક યુધ્ધ દેખાડી દીધું છે. બાપ કહે છે તમે આ ૫ વિકાર રુપી રાવણ પર જીત મેળવવાથી જગતજીત બનશો. અન્ય બધાં ધર્મ ને તો પાછા જવાનું છે કારણ કે સતયુગ માં તો હશે જ એક ધર્મ, એક રાજ્ય. તો જેમણે કલ્પ પહેલાં લીધું હતું, જે સૂર્યવંશી બન્યાં હતાં તે જ સતોપ્રધાન નંબરવન રાજ્ય કરશે. સતયુગમાં હતો એક જ ધર્મ. પછી પુનર્જન્મ લેતાં-લેતાં હમણાં તો બહુજ વૃધ્ધિ થઈ ગઈ છે. જેવી રીતે અન્ય ધર્મો માં પણ અનેક પ્રકારની વૃધ્ધિ થઈ ગઈ છે. તેવી રીતે આમાં પણ બ્રહ્મ સમાજી, આર્ય સમાજી, સંન્યાસી વગેરે કેટલાં છે, વન્ડર (અદ્દભૂત) છે. છે તો બધાં ભારતવાસી, એક આદિ સનાતન દેવી-દેવતા ધર્મ નાં. સિજરો (વિભાગ) તો ઉપરથી જ ચાલ્યો આવે છે ને. ભારતખંડ છે સચખંડ, જ્યાં બાપ આવીને દેવી-દેવતા ધર્મ માં ટ્રાન્સફર કરે (બદલે) છે. આ તમે જાણો છો. પહેલાં ૭ દિવસ ભટ્ટી માં રાખી શુદ્ર થી બ્રાહ્મણ બનવું પડે છે. સંન્યાસીઓને તો વૈરાગ્ય આવે છે, જે જંગલમાં ચાલ્યાં જાય છે. એમનો રસ્તો જ અલગ છે. ઘર-બાર છોડીને જાય છે. એમને કોઈ તકલીફ નથી. હા, મન્સા માં તો સંકલ્પ આવશે. કામ વિકારથી તો છૂટી જ જાય છે. બાકી ક્રોધ આવે છે, એમાં પણ નંબરવાર તો હોય છે ને. કોઈ ઉત્તમ, કોઈ મધ્યમ, કોઈ કનિષ્ટ, કોઈ તો એકદમ ડર્ટી (ગંદા) પણ હોય છે. સતયુગ માં પણ ભલે સુખી તો બધાં હોય છે પરંતુ નંબરવાર મર્તબા (પદ) તો છે ને. સૂર્યવંશી રાજા રાણી, પ્રજા, ચંદ્રવંશી રાજા રાણી, પ્રજા.... ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ તો હોય છે. આ બધાં ધર્મોમાં હોય છે. તો બાપ બધાં રહસ્ય સમજાવે છે. આ માર્ગ માં ડિફીકલ્ટી (મુશ્કેલી) ખૂબ છે, સંન્યાસ માર્ગ માં એટલી નથી. એમને તો વૈરાગ્ આવ્યો, સંન્યાસ લીધો ખલાસ. કોઈ-કોઈ ફેલ (નાપાસ) થાય છે. બાકી જે પાક્કા હોય છે એમનું તો પાછા આવવું મુશ્કેલ છે. અહીં તો આ છે ગૃહસ્થ વ્યવહાર માં રહેતા પવિત્ર રહેવાનું. બાપ સમજાવે છે બહાદુર એ જે બંને સાથે રહે અને વચ્ચે જ્ઞાન યોગની તલવાર હોય. એવી એક કથા પણ છે કે એમણે કહ્યું કે ઘડો ભલે માથા પર રાખો પરંતુ તારું અંગ મારા અંગ ને ન લાગે અર્થાત્ વિકારની ભાવના ન હોય. એમણે પછી શરીર સમજી લીધું છે. વાત બધી વિકારની છે અર્થાત્ નંગન (નિર્વસ્ત્ર) નથી થવાનું. કામ અગ્નિમાં બળવાનું નથી. મોટી મંઝિલ છે તો પ્રાપ્તિ પણ બહુજ વધારે છે. સંન્યાસી પવિત્ર બને છે તો એમને પણ કેટલી પ્રાપ્તિ છે. મોટાં-મોટાં મહામંડલેશ્વર બની બેઠા છે, મહેલો માં રહે છે. ઘણાં લોકો જઈને પૈસા રાખે છે. ચરણ ધોઈને પીવે છે. ખૂબજ મહિમા થાય છે. પરંતુ નંબરવન મહિમા છે ઈશ્વર ની. એ જ સ્વર્ગ નાં રચયિતા છે. ત્યાં માયા નું નામ નિશાન નથી રહેતું. સંન્યાસી પણ એ નથી સમજતાં કે માયા ૫ વિકાર છે, ફક્ત પવિત્ર રહે છે. એમનો ડ્રામા માં આ જ પાર્ટ છે. એમનો છે જ હઠયોગ સંન્યાસ. તમારો છે રાજયોગ સંન્યાસ. તેઓ રાજયોગ તો શીખવાડી ન શકે. તે છે શંકરાચાર્ય, આ છે શિવાચાર્ય. તમે પણ પરિચય આપો છો અમને ભગવાન આવીને ભણાવે છે. એ તો જરુર સ્વર્ગ નાં માલિક બનાવશે. નર્ક નાં તો નહીં બનાવશે. એ રચયિતા જ સ્વર્ગ નાં છે. તો ગૃહસ્થમાં રહીને પવિત્ર રહેવું - એમાં જ મહેનત છે. કન્યાઓને લગ્ન વગર રહેવા નથી દેતાં. પહેલાં વિકાર માટે લગ્ન કરતા હતાં. હવે વિકારી લગ્ન કેન્સલ (રદ્દ) કરી જ્ઞાન-ચિતા પર બેસી પવિત્ર જોડા બને છે. તો પોતાની જાંચ (તપાસ) કરવાની હોય છે કે માયા ક્યાંય ચલાયમાન તો નથી કરતી? મનમાં તોફાન તો નથી આવતાં? ભલે મનમાં સંકલ્પ આવતાં હોય પરંતુ કર્મેન્દ્રિયો થી વિકર્મ ક્યારેય નહીં કરતાં. ભાઈ-બહેન સમજવાથી, જ્ઞાન ચિતા પર રહેવાથી કામ અગ્નિ નહીં લાગે. જો આગ લાગી તો અધોગતિ થઈ જશે. આમ તો આખી દુનિયા ભાઈ-બહેન છે. પરંતુ જ્યારે બાપ આવે છે તો આપણે એમનાં બનીએ છીએ. હમણાં તમે પ્રેક્ટિકલમાં બ્રહ્મા મુખ વંશાવલી છો, તમારી યાદગાર પણ અહીં છે. અધરકુમારીનું મંદિર પણ છે ને. જે કામ ચિતા થી ઉતરી જ્ઞાન ચિતા પર બેસે છે - એને અધર કુમારી કહેવાય છે. તમે સંન્યાસીઓ ને પણ સમજાવી શકો છો. બાકી કોઈની સાથે ફાલતુ માથું ન મારવું જોઈએ. પાત્ર જિજ્ઞાસુ હશે, તે તો એકલો આવીને પ્રેમ થી સમજશે. ઘણાં મજાક ઉડાવવા માટે પણ આવે છે તેથી નસ જોઈ એવી દવા આપવી જોઈએ. બાપે કહ્યું છે પાત્રને દાન આપવાનું છે.

આજકાલ દુનિયા ખૂબજ ખરાબ છે. સંન્યાસી લોકો તો કફની પહેરી લે છે અને જઈને અલગ રહે છે. કાંઈ ને કાંઈ મળી જાય છે. મૌજથી ખાતા પીતા રહે છે. આજકાલ એમનો પ્રભાવ છે ને. તમારામાં પણ જે સારી સર્વિસ કરે છે તો એમની મહિમાથી બીજાઓની પણ મહિમા નીકળી પડે છે. જે બાળકો સારી સર્વિસ કરે છે તો બધાં કહેશે એમનાં મા-બાપ પણ એવાં હશે. મહેનત જરુર કરવાની છે. સંન્યાસીઓ ને તો ઘરે બેઠા વૈરાગ્ આવી જાય છે તો હરિદ્વાર ચાલ્યાં જાય છે. ત્યાં કોઈ ગુરુ કરી લે છે. અહીંના રિવાજ જ નિરાળા છે. આનું ક્યાંય વર્ણન છે જ નહીં.

ગીતા ને પણ ખોટી બનાવી દીધી છે. આ પહેલી વાત ખુલી જાય તો બધાં બી.કે. ખૂબ નામીગ્રામી થઈ જાઓ. બધાં તમારા પર બલિહાર જાય. પ્રભાવ નીકળવાનો તો છે ને. હમણાં તો તમારો ખૂબજ સામનો કરે છે. પહેલાં તો ઘરનાં જ દુશ્મન બને છે. આ બાબા નાં પણ કેટલાં દુશ્મન બન્યાં. શ્રીકૃષ્ણ માટે પણ કહે છે ને-ભગાવતાં હતાં.. કેટલાં કલંક લગાવ્યાં છે. આ પણ ડ્રામા માં નોંધ છે. ડ્રામા અનુસાર ઓટોમેટિકલી (આપમેળે) પ્રભાવ નીકળતો જશે. પછી ભક્તોની ભીડ આવીને થશે. પરંતુ ભીડમાં પછી સર્વિસ થઈ નહીં શકે. સંન્યાસિયો ની પાસે ભીડ હોય છે તો તેઓ ખુશ થાય છે. અહીં તમે જાણો છો કે કોટો માં કોઈ નીકળશે. સંન્યાસી તો આ જ વિચારશે કે આમાંથી કોઈ નીકળશે જે પૈસા આપશે. તમારો ખ્યાલ ચાલે છે કે આમાંથી કોઈ નીકળે જે બાળક બની વારસો લે. તો કેટલો ફરક છે. તમે ભાષણ કરો છો કે જે પોતાનાં બાળકો બીજા ધર્મોમાં કન્વર્ટ થઈ ગયાં છે તે નીકળશે. કોઈ આર્ય સમાજ થી, કોઈ ક્યાંથી નીકળી આવે છે. તો જ્યારે પછી લોકો સાંભળે છે કે આ અમારા ધર્મનો બ્રહ્માકુમાર-કુમારીઓ પાસે ભાગી ગયો છે તો સમજે છે કે અમારું નાક કપાઈ ગયું. આમાં સમજાવવાની બહુ યુક્તિ જોઈએ. પહેલાં તો બાપ નો પરિચય આપવાનો છે. ભલે કોઈ લખીને પણ આપે છે. બરાબર શિવબાબા ભણાવે છે પરંતુ એમાં ખુશ નથી થવાનું. નિશ્ચય બિલકુલ નથી બેઠો. ભલે કોઈ બાળકો પત્ર પણ લખે છે. પરંતુ બાબા લખી દે છે-તમને નિશ્ચય બિલકુલ નથી. નિશ્ચય બેસે-મોસ્ટ બીલવેડ (સૌથી પ્રિય) બાપ પાસે થી વારસો મળે છે તો એક સેકન્ડ પણ રોકાય નહીં. વિવેક કહે છે કે ગરીબ ઝટ ભાગશે. સાહુકાર કોઈ વિરલા નીકળશે. સાધારણ થોડા નીકળશે. કોઈ પણ આવે બોલો આ રાજયોગ ની પાઠશાળા છે. જેમ ડોક્ટરી યોગ તેમ આ રાજયોગ છે, જેનાંથી રાજાઓનાં રાજા બનવાનું છે. આપણું મુખ્ય લક્ષ છે જ મનુષ્ય થી દેવતા બનવું. અચ્છા!

બાપદાદા નાં મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ નંબરવાર પુરુષાર્થ અનુસાર યાદ-પ્યાર. દિલ પર એ ચઢે છે જે પુરુષાર્થ કરી આપ સમાન બનાવે છે. બાકી બાપ બધાંને પ્રેમ તો કરશે જ. અચ્છા-રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. કર્મેન્દ્રિયો થી કોઈ પણ વિકર્મ નથી કરવાનું. જ્ઞાન અને યોગ બળ થી મન નાં તોફાનો પર વિજય પ્રાપ્ત કરવાનો છે.
2. 2) સેવા એવી કરવાની છે જેનાંથી માતા-પિતાનું નામ બાલા (પ્રસિધ્ધ) થાય. બધાંની દુવાઓ મળતી રહે.

વરદાન :- પોતાનાં અનાદિ સ્વરુપ માં સ્થિત રહી સર્વ સમસ્યાઓ ને હલ કરવા વાળા એકાંતવાસી ભવ

આત્મા નો સ્વધર્મ, સુકર્મ, સ્વ સ્વરુપ અને સ્વદેશ શાંત છે. સંગમયુગ ની વિશેષ શક્તિ સાઈલેન્સ (શાંતિ) ની શક્તિ છે. તમારું અનાદિ લક્ષણ છે શાંત સ્વરુપ રહેવું અને સર્વ ને શાંતિ આપવી. એવી શાંતિની શક્તિમાં વિશ્વની સર્વ સમસ્યાઓનો ઉપાય સમાયેલો છે. શાંત સ્વરુપ આત્મા એકાંતવાસી હોવાનાં કારણે સદા એકાગ્ર રહે છે અને એકાગ્રતા થી પરખવાની તથા નિર્ણય કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે જે વ્યવહાર તથા પરમાર્થ બંનેની સર્વ સમસ્યાઓ નું સહજ સમાધાન છે.

સ્લોગન :- પોતાની દૃષ્ટિ, વૃત્તિ અને સ્મૃતિ ની શક્તિ થી શાંતિનો અનુભવ કરાવવો જ મહાદાની બનવું છે.